# બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રગતિશીલ ખેડૂતો માટે 'સજીવ ખેતી' તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૨૯ મે થી ૦૨ જુન ૨૦૨૩ દરમ્યાન ખેડૂતો માટે પાંચ દિવસીય સજીવ ખેતી અંગેનો તાલીમ કાર્યક્રમ માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. સદર તાલીમમાં વડોદરા, ભરૂચ અને નર્મદા જીલ્લાના સજીવ ખેતીમાં રસ ધરાવતા કુલ ૩૫ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ખાસ કરીને ૧૩ મહિલા તાલીમાર્થીઓ સામેલ હતી. એગ્રોનોમી વિભાગનાં વડા, ડૉ. વી. જે. પટેલ સાહેબે ખેડૂતોને સજીવ ખેતીની જરૂરિયાત વિષે માહિતગાર કર્યાહતા, તેમજ તાલીમનો મુખ્ય ઉદેશ્ય સમજાવ્યો હતો. સદર તાલીમમાં સજીવ ખેતીના વિવિધ આયામો જેવા કે પોષણ વ્યવસ્થા, પાક સંરક્ષણ, ક્ષેત્રિય વ્યવસ્થાપન, પ્રાકૃતિક ખેતી અને તેના વિવિધ આયામો, ગૌઆધારિત ખેતી, સર્ટિફિકેશન પદ્ધતિ, બજાર વ્યવસ્થા, સજીવ ખેતીમાં આવતી મુશ્કેલીઓ અને તેમાં સમાધાન વગેરે વિષયોને આવરી લેવામાં આવેલ, જેથી ખેડૂતોમાં સજીવ ખેતી તરફનો અભિગમ વધે તેમજ તેઓ રસાયણમુક્ત અનાજ, શાકભાજી, ફળ વગેરેનું ગુણવત્તાયુક્ત ઉત્પાદન કરી વધુ આર્થિક વળતર મેળવી શકે તે અંગે કૃષિ તજજ્ઞો દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવેલ.

વિશ્વમાં હાલ તૃણ ધાન્ય વર્ષની ઉજવણી કરવામાં આવી રહેલ હોઈ તાલીમાર્થીઓને સદર બાબતે અવગત પણ કરવા એગ્રોનોમી વિભાગનાં વડા, ડૉ. વી. જે. પટેલ સાહેબે તૃણ ધાન્ય વિશે વ્યાખ્યાન આપ્યુ હતું, તેમજ તાલીમાર્થીઓને પ્રત્યક્ષ રીતે પાકને ઓળખી શકે તે હેતુસર મીલેટ-વાટિકાની મુલાકાત પણ લીધેલ.

તાલીમાર્થીઓને સજીવ ખેતી વિષે વધુ જાણકારી અને અનુભવ મળી રહે તેવા ઉમદા હેતુથી તેઓને આણંદની આજુબાજુ સજીવ ખેતી સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂત ઉમેશગીરી ગોસ્વામી (ગીરી ફાર્મ), નરસંડા તથા અરુણભાઈ શાહના સંજીવની ફાર્મની રૂબરુ મુલાકાત કરાવવામાં આવેલ તેમજ એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ સજીવ ખેતીના કૃષિના સંશોધન અખતરાઓની તથા બાગાયત વિભાગના નર્સરીની પણ રૂબરૂ મુલાકાત કરાવવામાં આવી હતી.

આ તાલીમ કાર્યક્રમના અંતમાં આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, બ. અ. કૃષિ મહાવિદ્યાલય, ડૉ. વાય. એમ. શુક્લાઅને પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, ડૉ. વી. જે. પટેલના હસ્તે પ્રમાણપત્ર તથા કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે તાલીમ સંયોજક ડૉ. પી. એમ. પટેલ તથા ડૉ. વી. વાય. પટેલ અને ડૉ. જાગૃતિ શ્રોફ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

# <u>સજીવ ખેતી તાલીમ કાર્યક્રમની ઝાંખી</u>
















